# આજે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી મહાત્મા મંદિરે થશે

## જિલ્લાના નાયબ મામલતદાર મતદારયાદી તરીકે ફરજો બજાવતા મુકેશ શાહની પસંદગી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીની ચૂંટણી શાખામાં નાયબ મામલતદાર મતદાર યાદી તરીકે ફરજો બજાવતા મુકેશ શાહ સહિત રાજ્યના ૪૦થી વધુ કર્મચારીઓ-અધિકારીઓ અને યુવા મતદાર મહોત્સવના વિજેતાઓને સન્માન અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

કેન્દ્રીય ચૂંટણી પંચના સ્થાપના દિવસને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. રાજ્યના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીના અધ્યક્ષપદે આજે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી મહાત્મા મંદિર ખાતે કરવામાં આવશે.

આ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી માટે રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી બી.બી. સ્વૈન તથા અધિક મુખ્ય નિર્વાચિન અધિકારી અશોક માણેકના સીધા માર્ગદર્શન હેઠળ તૈયારીઓ સંપન્ન કરી દેવામાં આવી છે.

જુદી જુદી નવ કેટેગરીમાં આ ઈનામો અને સન્માન તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. યુવા મતદાર મહોત્સવ ૨૦૧૬ અંતર્ગત નિબંધ લેખન, વક્તૃત્વ, ઝીંગલ સ્પર્ધા સહિતની વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર જિલ્લામાંથી અગાઉ ચાર જેટલા કર્મચારી અધિકારી આ અંગે પસંદગી પામી ચુક્યા છે તે પણ નોંધનીય છે. આ વખતે નાયબ મામલતદાર મતદારયાદી તરીકે ફરજો બજાવતા મુકેશ શાહની પસંદગી થઈ છે. આ સમાચાર કલેક્ટર કચેરીમાં પ્રસરતાં જ કર્મચારીઓમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




આપણી મર્યાદા એ છે કે... સૂચનો એવા લોકોએ કર્યા છે જે ગામડેથી આવ્યા છે... સાચા સ્માર્ટ માણસો તો ઓલરેડી સ્માર્ટ સીટીમાં રહેવા જતા રહ્યા છે...

# હવે, એસ.ટી. ડેપોમાં પાનની પિચકારી મારી ગંદકી કરનારા દંડાશે

## ડેપો સંકુલમાં ગમે ત્યાં કચરો ફેંકી ગંદકી કરતા મુલાકાતીઓ પર સી સી ટી વી કેમેરાની વોચ રહેશે : રૂ ૧૦ થી ૫૦ નો દંડ વસુલાશે

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર એસ ટી ડેપોમાં હવે પાનની પિચકારી મારી ગમે ત્યાં ગંદકી અને કચરો ફેંકનારા સામે ડેપો તંત્ર દ્વારા દંડ વસુલી કરી પગલા લેવાશે. ડેપો સંકુલમાં ગંદકી કરનારા તત્વો સામે દંડનાત્મક કાર્યવાહી હાથ ધરાશે. જયારે ડેપોના સી સી ટી વી કેમેરાથી વોચ પણ રાખવામાં આવશે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં સ્વચ્છતાના અભાવે ગંદકીનુ સમ્રાજય જોવા મળે છે. ડેપો સંકુલની દિવાલો પણ પાનની પિચકારીથી રંગાયેલી જોવા મળી રહી છે. જયારે સંકુલમાં જયાં ત્યાં જાહેરમાં કચરો ફેંકી દેવાતા નજર નાંખો ત્યાં ગંદકીના ઢગ જોવા મળી રહયા છે. આવા સંજોગોમાં ડેપો સંકુલમાં સ્વચ્છતાના મામલે કોઈ ગતિવિધિઓ હાથ ધરાતી નથી. જયારે ડેપો સંકુલમાં અવરજવર કરતા મુસાફરો પણ ગમે ત્યાં થુંકીને કચરો ફેંકી દેતા ગંદકીનો પ્રશ્ન જટીલ બન્યો છે. ત્યારે ડેપો સંકુલમાં સ્વચ્છતા જળવાય તે માટે ડેપો મેનેજર દ્વારા દંડનીય કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. જેમાં ડેપો સંકુલમાં ગમે ત્યાં પાનની પિચકારી મારીને ગંદકી ફેલાવતા મુલાકાતીઓ અગર મુસાફરોની પાસેથી દંડ વસુલવાનો નિર્ણય લેવાયો છે. જયારે ગમે ત્યાં કચરો ફેંકનારા પણ દંડનો ભોગ બનશે. આ માટે ડેપા તંત્ર દ્વારા રૂ ૧૦ થી ૫૦ સુધીનો દંડ વસુલવામાં આવશે. જયારે ગંદરી ફેલાવતા તત્વો પર ડેપોના સી સી ટી વી કેમેરાની પણ વોચ રહેશે. જયારે ડેપોના સ્ટાફ દ્વારા પણ કચરો ફેંકતા મુસાફરો પાસેથી દંડ વસુલી કરવામાં આવશે. છેલ્લા બે દિવસથી ડેપો સંકુલને નિર્મળ બનાવવા માટે નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. જયારે આગામી દિવસોમાં પણ દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.




# માટીકામ કલાકારી બોર્ડ સ્વતંત્ર કરવા પ્રજાપતિ સમાજ દ્વારા કલેકટરને આવેદનપત્ર

ગુજરાત પ્રજાપતિ મહાએકતા અભિયાનના બેનર હેઠળ માટીકામ કલાકારી બોર્ડ સ્વતંત્ર કરવા માટે આજરોજ ગાંધીનગર જિલ્લા કલેકટરને પ્રજાપતિ સમાજના આગેવાનો દ્વારા આવેદન પત્ર આપવામાં આવ્યું છે. આ પ્રસંગે સમાજના ભાઈ-બહેનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતભરમાં પ્રજાપતિ સમાજના ૪૦ લાખથી પણ વધુ નાગરીકો છે. જેમાં ૭૫ ટકા થી વધુ સમાજના જ્ઞાતિજનો માટીકામના વેપાર સાથે સંકળાયેલા છે. પ્રજાપતિ સમાજ દ્વારા આજે આપવામાં આવેલ આવેદન પત્રમાં ગુજરાત માટીકામ બોર્ડને સ્વતંત્ર કરવામાં આવે અને તેના અધ્યક્ષ પદે પ્રજાપતિ સમાજના વ્યકિતની નિમણુંક કરવામાં આવે, માટીકામ અને કલાગીરી બોડના અધ્યક્ષને એક કેબીનેટના કક્ષાના મંત્રી સમકક્ષ દરજજો મળવો જોઈએ, બોર્ડના સભ્યપદે નાના નાના ઈંટ વ્યવસાયકારને પણ યોગ્ય પ્રિતિનિધિત્વ મળી રહે તે રીતે બોર્ડના વહીવટી માળખાની પુનઃ રચના કરવી, બોર્ડ-નિગમોના સભ્યોને અન્ય મળે છે તે તમામ મળળા પાત્ર લાભ આપવા, માટીકામમાં વપરાતી માટીમાં રોયલ્ટીમાંથી સંપૂર્ણ મુકિત આપવી, નાના વેપારીઓને ગામમાં પાંચ એકર જમીન આપવી, માટીકામના વેપાર સાથે સંકળાયેલ નાગરીકોના સંતાનો માટે રોજગારીની વધુ તક ઉભી કરવામાં આવે, તે સહિતના પ્રશ્નોનો સમાવેશ થયા છે. ત્યારે માટીકામ કલાકારી બોર્ડને સ્વતંત્ર કરાવવા માટે ગુજરાત પ્રજાપતિ મહાએકતા દ્વારા અભિયાન ચલાવામાં આવી રહ્યું છે. રાજયના દરેક જિલ્લામાં કલેકટરને આવેદન પત્ર આજરોજ આપવામાં આવ્યું હતું. જેને અનુલક્ષીને ગાંધીનગરમાં પણ આજરોજ બપોરે જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના આગેવાનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.



# આજે સે-૨૬ સરકારી પોલીટેકનીક કોલેજના વિવિધ પ્રશ્નો અંગે એબીવીપી દ્વારા પ્રિન્સીપાલને આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ખાતે આવેલ સરકારી પોલીટેકનીક કોલેજ ખાતે રાજયભરમાંથી આવેલ વિદ્યાર્થી ભાઈ-બહેનો અભ્યાસ કરે છે. આ વિદ્યાર્થીઓને કોલેજમાં માળખાકીય સુવિધા પુરી પાડવામાં પણ કોલેજ તંત્ર ઉણુ ઉતર્યું છે. ત્યારે તા. ૨૫ને બુધાવારના રોજ સવારે ૯ કલાકે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા વિદ્યાર્થીઓના પડતર પ્રશ્નો અંગે સે-૨૬ પોલીટેકનીકના પ્રિન્સીપાલને આવેદન પત્ર આપી રજુઆત કરાશે. જેમાં વિદ્યાર્થીઓને સ્પર્શતા પ્રશ્નોનો સમાવેશ કરાયો છે.

ગાંધીનગર શહેરમાં કાર્યરત અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા તા. ૨૫ને બુધવારના રોજ સે-૨૬ ખાતે કાર્યરત સરકારી પોલીટેકનીક કોલજ ખાતે વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોને લઈને વિરોધ પ્રદર્શન સવારે ૯ કલાકે કરવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓને કેન્ટીન સેવા, વાંચન માટે લાયબ્રેરી, જીમખાનાની અયોગ્ય ફી સહિત જરુરી પાયાની સુવિધાઓ આપવામાં આવતી નથી. જેને અનુલક્ષી વિદ્યાર્થી દ્વારા અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવામાં આવી છે. પરંતુ કોલેજ તંત્ર દ્વારા ધ્યાને ના લેવામાં આવતા આખરે એબીવીપીના કાર્યકરો દ્વારા કોલજના પ્રિન્સીપાલને રજુઆત કરવામાં આવશે અને જો યોગ્ય નિર્ણય નહી લેવામાં આવે તો વિરોધ પ્રદર્શન પણ કરવામાં આવશે. તેમ એબીવીપીના કાર્યકરોએ જણાવ્યું છે.

# ૩૦મી જાન્યુઆરીએ જિલ્લા પંચાયત દ્વારા સરપંચ સન્માન અને તાલિમ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા જિલ્લામાં નવરચિત ૧૯૫ સરપંચોનું સન્માન અને તાલિમનો એક વિશેષ કાર્યક્રમ ૩૦મી જાન્યુઆરીના રોજ યોજવાનો નિર્ણય લીધેલ છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરની અધ્યક્ષતામાં મળનાર આ સંમેલનમાં જિલ્લાના પાંચેય ધારાસભ્યો તેમજ પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેનો હાજર રહેશે. જિલ્લા પંચાયતના સભ્યોની હાજરીમાં વ્યવસ્થા, ગ્રામ પંચાયતનું બજેટ, ગ્રામ પંચાયતમાં વિવિધ સમિતિઓની રચના સહિતના વિષયો અંગે વિશેષ તાલિમ આપવા માટે ખાસ વક્તાઓ હાજર રહેશે.

આ તાલિમને અંતે પંચાયતોમાં ચૂંટાઈને આવેલા તમામ સરપંચોનું જિલ્લા પંચાયત દ્વારા સન્માન કરવામાં આવનાર છે. આ અંગેનુ આયોજન અને તૈયારીઓ તંત્ર દ્વારા તડામાર રીતે હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં પંચાયતોની ચૂંટણી ડિસેમ્બર માસમાં જ સંપન્ન થઈ છે અને જિલ્લા પંચાયત દ્વારા આ નવરચિત પંચાયોતના પદાધિકારીઓને સન્માન અને તાલિમનો કાર્યક્રમ સાંકળી લેવામાં આવ્યો છે.

# અધ્યાપક સહાયક મંડળ દ્વારા પડતર પ્રશ્નોની મુખ્યમંત્રીને રજુઆત

## માસ સીએલ મુકીને ૨૦૦થી વધુ પ્રાધ્યાપક ફીકસ પગારના મુદ્દે ગાંધીનગર દોડી આવ્યા

ગાંધીનગર, તા. ૨૪

તાજેતરમાં રાજય સરકારમાં ફીકસ વેતનમાં ફરજ બજાવતા લાખો કર્મચારીઓના પગારમાં રાજય સરકાર દ્વારા તોંતિગ વધારો કરવામાં આવ્યો છે. ત્યારે રાજયની કોલેજોમાં વિદ્યાર્થીઓને ભણાવતા અધ્યાપકોને રાજય સરકારના પગાર વધારાનો લાભ આપવામાં આવ્યો નથી. ત્યારે શિક્ષક કર્મચારીઓનો પગાર અત્યારે હાલના સમયે પ્રાધ્યાપક કરતા પણ વધી જવા પામે છે. અધ્યાપક સહાયક મંડળ દ્વારા છેલ્લા છ મહિનાથી સરકારને રજુઆત કરવામાં આવે છે પરંતુ અધ્યાપકના પગારમાં કે ફાજલ રક્ષણનો લાભ પણ મળવા પામ્યો નથી. જેને પગલે આજે રાજયભરમાંથી ૨૦૦ થી વધુ અધ્યાપક માસ સીએલ મુકીને ગાંધીનગર ખાતે દોડી આવ્યા હતા અને પોતાના પ્રશ્નોની રજુઆત મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને કરી હતી. જયારે આગામી તા. ૩૦ જાન્યુઆરી સુધીમાં સરકાર દ્વારા હકારાત્મક અભિગમ નહી દાખવે તો અધ્યાપક ગાંધી ચિંધ્યામાર્ગે આંદોલન કરવાના મુડમાં છે તેમજ હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરવાના મુડમાં પણ અધ્યાપક જણાયા છે.



જુન -૨૦૧૬ના રોજથી શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને ફાજલનું રક્ષણ પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. જેનો અનુલક્ષીને રાજયના તમામ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને ફાલજનું રક્ષણ મળવા પાત્ર છે. પરંતુ સરકારના જીઆરમાં માત્ર શાળાના કર્મચારીઓને ફાજલનું રક્ષણ આપીને કોલેજના અધ્યાપક સહાયકોને અન્યાય કર્યો છે. ત્યારબાદ પગાર વધારો અને સળંગ પાંચ વર્ષની સર્વિસની જાહેરાત તઈ તેમા પણ સહાયકોને સરકાર ભુલી ગઈ જઈને અન્યાય કર્યો છે. ત્યારે છેલ્લા ૧૮ મહિનાથી અધ્યાપક સહાયકો દ્વારા ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવે છે. છતા સરકાર કક્ષાએથી કોઈપણ જાતના નક્કર પગલા લેવામાં આવ્યા નથી. જેથી આજરોજ રાજયભરમાંથી ૨૦૦થી વધુ અધ્યાપક માસ સીએલની રજા મુકીને પોતાના પ્રશ્નોની રજુઆત માટે ગાંધીનગર દોડી આવ્યા હતા. ત્યારે સરકાર દ્વારા આગામી તા. ૩૦મી જાન્યુઆરી સુધીમાં હકારાત્મક અભિગમ નહી દાખવવામાં આવે તો સહાયક અધ્યાપકો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન તેમજ ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરવાનું વિચારી રહ્યા છે.

# ભાજપ દ્વારા ૭મી ફેબ્રુઆરીથી આદિવાસી વિકાસ યાત્રા

ગાંધીનગર, તા. ૨૪

દક્ષિણ ગુજરાતના સુપ્રસિદ્ધ ધર્મસ્થાન ઉનાઈથી પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુ વાઘાણી ૭મી ફેબ્રુઆરીથી આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનો પ્રારંભ કરશે.

પ્રદેશ ભાજપ મહામંત્રી ભરતસિંહ પરમારે જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રી વિજય રૂપાણીની ભાજપ સરકારે પેસાના અમલીકરણથી આદિવાસી વિસ્તારોના ગ્રામજનોને મળેલા અધિકાર અને ગૌરવને બક્ષતી આ યાત્રા આદિવાસી વિસ્તારના ૧૫ જિલ્લાઓના ૫૦ તાલુકાઓને આવરી લેશે. યાત્રા દરમિયાન ૫૦૦ જેટલા સ્થાનો પર યાત્રાનું સ્વાગત થશે અને જનસભાને સંબોધન થશે.

પ્રદેશ અધ્યક્ષની આ યાત્રા દરમ્યાન યોજાનાર જાહેર સભાઓમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા સહિત કેન્દ્રીય આગેવાનો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાનની સરકારના આદિવાસી મંત્રીઓ સહિત પ્રદેશના આગેવાનો ઉપસ્થિત રહી ભાજપ સરકારના આદિવાસી સમાજ માટેના વિકાસના કામો અને સંવેદનાપૂર્ણ નિર્ણયો સહિતની બાબતોનું માર્ગદર્શન આપશે.

# લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા વીર દાદા જશરાજ શહીદ દિનની ઉજવાયો



ગાંધીનગરની જાણીતી સામાજીક સંસ્થા લોહાણા યુવા સંગઠન દ્વારા તા. ૨૨ જાન્યુઆરીના રોજ વીરદાદા જશરાજ શહીદ દિની ઉજવણી જલારામ મંદિર, સેક્ટર-૨૯ ખાતે કરવામાં આવી હતી.

લોહાણા સમાજના પરાક્રમી રાજવી વીર દાદા જશરાજ દ્વારા ગૌરક્ષા કાજે આપવામાં આવેલી શહીદીના ગૌરવવંતા ઈતિહાસને જીવંત રાખવાના હેતુ કાજે પ્રતિ વર્ષ ૨૨ જાન્યુઆરીના રોજ સમગ્ર રાષ્ટ્રમાં લોહાણા સમાજ દ્વારા વીર દાદા જશરાજ શહીદ દિન ઉજવવામાં આવે છે. લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા પણ આ ઉપલક્ષમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જે અંતર્ગત ૨૨ જાન્યુ.ના રોજ સવારે ૧૦ કલાકે સમર્પણ મૂકબધિર વિદ્યાલય - સે. ૨૮, સે. ૨૫ સ્થિત ત્યજાયેલ બાળકોની સંસ્થા, સરગાસણ મંદબુદ્ધિ શાળા, સે. ૬ સ્થિત વૃદ્ધાશ્રમ અને જલારામ મંદિર સદાવ્રતમાં ફ્રૂટ તેમજ ચોકલેટનું વિતરણ કરવામાં આવેલ હતું. સાંજે ૫.૦૦ થી ૭.૦૦ દરમ્યાન શ્રી જલારામ સેવા સમાજ, લોહાણા યુવા સંગઠન, શ્રી જલારામ મહિલા મંડળ, ગાંધીનગરના હોદેદારો, કારોબારી સદસ્યો સહિત અનેક ભકજનોની ઉપસ્થિતિમાં સંકીર્તન, વીરદાદા જશરાજની શહાદતને યાદ કરતું શૌર્યગીત તેમજ પ્રસંગોચિત ટૂંકુ ઉદ્‌બોધન કરવામાં આવેલ. ઉપસ્થિત સૌએ વીરદાદા જશરાજની શહીદી નિમિત્તે બે મિનિટનું મૌન પણ રાખેલ.

## રાજયપાલશ્રીનો આજે આકાશવાણી પર પ્રજાજોગ સંદેશ

ભારતના ૬૮મા પ્રજાસત્તાક દિન નિમિત્તે ગુજરાતના રાજયપાલશ્રી ઓ.પી. કોહલીનો પ્રજાજોગ સંદેશ દૂરદર્શન કેન્દ્ર પરથી તા. ૨૬મી જાન્યુઆરીના રોજ સવારે ૮.૩૦ વાગે પ્રસારિત કરવામાં આવશે. જયારે આકાશવાણીના રાજયના તમામ કેન્દ્રો પરથી ૨૫મી જાન્યુઆરીના રોજ રાત્રે ૮.૨૦ વાગ્યે સંદેશ પ્રસારિત કરાશે.

## ગોદર્શન ટ્રસ્ટ, ગોંડલ દ્વારા પ્રકાશિત ગોદર્શન ગાઈડના વિશેષાંકનું લોકાર્પણ

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ ગઈકાલે રાજભવન ખાતે શ્રી ગોદર્શન ટ્રસ્ટ, ગોંડલ દ્વારા પ્રકાશિત 'ગોદર્શન ગાઈડ' સામયિકના વિશેષાકનું લોકાર્પણ અને તેના લેખકોનું સન્માન કર્યું હતું.

આ પ્રસંગે સંબોધન કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે ધાર્મિક દૃષ્ટિએ ગૌ માતા પૂજાય છે. તેનો કૃષિ વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન છે. ગો દૂધ અમૃત તુલ્ય, પૌષ્ટિક ગુણો યુક્ત અને ગુણકારી છે. ગ્રામીણ સમાજ માટે ગાયનું દૂધ પૂરક આવકનું સાધન હોવાથી ગ્રામીણ અર્થતંત્રમાં મહત્વપૂર્ણ અંગ છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતના ગૌરવના પ્રતિક રૂપે ગીર, કાંકરેજ, ગાયોની ઓલાદ, મહેસાણી, સુરતી, જાફરાબાદી અને બન્નીની ભેંસોની જાતિ વિખ્યાત છે.



ગાંધીનગર શહેરની સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે અંતરનાદ કાર્યક્મ અંતર્ગત આજે સિગ્નેચર ડે ની ઉજવણી વિદ્યાર્થી ભાઈ બહેનો દ્વારા કરવામાં આવી હતી. અંતરનાદ કાર્યક્રમ હેઠળ આજરોજ બહેનો માટે મહેંદી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈને હાથ પર વિવિધ પ્રકારની અદભુત મહેંદી લગાવી હતી. આ મહેંદી સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. શ્વેતા પવાર, ડો. અલ્પા પટેલ, પ્રા. છાયા ચાવડા એ સેવા આપી હતી.

# વસાહત મહામંડળની અપીલ સામે ટોરેન્ટના વિજ ભાવના તફાવતની માંગણી જર્કમાં પડતર

ગાંધીનગર તા ૨૪

છેલ્લા ત્રણ વર્ષથી ટોરેન્ટપાવર કુ દ્વારા વિજભાવવધારાની માંગણી કરવામાં આવી રહી છે. ત્યારે આ મામલે શહેર વસાહત મહામંડળ દ્વારા જર્કમાં અપીલ દાખલ કરવામાં આવી છે. આજે આ અપીલ સંદર્ભે હાથ ધરાયેલી સુનાવણીની પ્રક્રીયાના અંતે જર્ક દ્વારા ટોરેન્ટને ગ્રાહકોની માંગણી સંદર્ભે હકીકતોની સ્પષ્ટતા કરી વધુ વિગતો પુરી પાડવા જણાંવ્યુ હતુ.

ટોરેન્ટ પાવર દ્વારા વર્ષ ૨૦૧૩ થી વિજદરમાં ભાવ વધારાની માંગણી કરવામાં આવી રહી છે. આ મામલે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ મહામંડળ તેમજ અમદાવાદ યુટીલીટી યુઝર્સ એસો વેપારી મંડળ સહીત ગ્રાહકોએ આ ભાવ વધારાના સામે વાંધા સુચનો રજુ કર્યા હતા. જયારે આ મામલે વિજ નિયમન પંચ દ્વારા મુદતોના અંતે રજુઆતોનો નિકાલ આવતો નથી. જયારે આજે આ મામલે જર્કમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં નગરના ગ્રાહકો વતી મહામંડળના સુધીર દેસાઈ, મયુર વ્યાસ સહીતના આગેવાનો દ્વારા જર્ક સમક્ષ રજુઆત કરવામાં આવી હતી. જેમાં વિજખરીદીના તફાવતની રકમ ગ્રાહકો પાસેથી વસુલવાના મામલે શંકા વ્યક્ત કરી યોગ્ય તપાસ માંગણી કરવામાં આવી હતી. ગ્રાહકોના માથે વિજબીલનો ભાર ન વધે તે માટે સુચનોની સત્યતા ચકાસી ભાવ વધારા અંગે વિચારણા હાથ ધરવા જણાંવાયુ હતુ. જે દરમિયાન આજે જર્કમાં સુનાવણી હાથ ધરાતા બન્ને પક્ષની દલીલોના અંતે જર્ક દ્વારા આ મામલે ટોરેન્ટને ગ્રાહકોની માંગણી ગ્રાહ્ય રાખી વધુ વિગતો જર્કને પુરી પાડવા માટે સુચના આપી હતી. જયારે ભાવ તફાવતની માંગણી પડતર રાખવામાં આવી હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ